સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 08

[FEB - 2020]
[16/02/20 to 22/02/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

ICE CURRENT NEWS
WEEK 08
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.

### CURRENT TOPICS

- 65મો ફિલ્મફેર એવોર્ડ 2020
- શ્રી અરવિંદ કેજરીવાલ ત્રીજી વખત દિલ્હીના મુખ્યમંત્રી બન્યા
- ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે CMS COP-13 શિખર સંમેલન યોજાયું
- ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી સચિન તેંડુલકરને સ્પોર્ટ્સની દુનિયાના ઓસ્કાર તરીકે ઓળખાતો લોરિયસ એવોર્ડ એનાયત
- ગુજરાતમાં MSME ઉદ્યોગ સાહસિકો માટે ગુજરાત સરકારે SBI સાથે MOU કર્યા
- બ્રિટનને પાછળ રાખી ભારત વિશ્વનું પાંચમા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર બન્યું


WWW.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

## 16 FEBRUARY, 2020 SUNDAY

### ➢ ગુજરાતના ધોરડો ખાતે પ્રવાસન સચિવોની અખિલ ભારતીય પરિષદ યોજાઈ

ફેબ્રુઆરી, 2020 દરમિયાન ગુજરાતમાં કચ્છ જિલ્લાના ધોરડો ખાતે ભારતના વિવિધ રાજ્યોના પ્રવાસન સચિવોની અખિલ ભારતીય પરિષદનું આયોજન થયું હતું.

- કેન્દ્ર સરકારના પર્યટન અને સંસ્કૃતિ મંત્રાલય દ્વારા આ ત્રિદિવસીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.
- કચ્છના સફેદ રણ ધોરડોમાં યોજાયેલી આ પરિષદનો ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ શુભારંભ કરાવ્યો હતો.
- આ પરિષદમાં કેન્દ્રીય પર્યટન રાજ્યમંત્રી શ્રી પ્રહલાદસિંહ પટેલ સહિત ભારતના વિવિધ રાજ્યોના પ્રવાસન વિભાગના સચિવશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ➢ કચ્છના માંડવી દરિયા કિનારે બીચ ફેસ્ટિવલનો પ્રારંભ



ગુજરાતમાં કચ્છના માંડવીના દરિયા કિનારે 13 ફેબ્રુઆરી, 2020થી બે મહિના સુધી માંડવી બીચ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે.

- આ અંતર્ગત ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કચ્છના માંડવીના દરિયા કિનારે માંડવી બીચ ફેસ્ટિવલ તથા ટેન્ટ સિટીનો શુભારંભ કરાવ્યો હતો.
- ગુજરાતમાં કચ્છના સફેદ રણ ધોરડો ખાતે યોજાતા રણોત્સવને ભવ્ય પ્રતિસાદ સાંપડતા ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા માંડવીના દરિયા કિનારે આ બીચ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે.
- જેથી સફેદ રણની મુલાકાત લેતા પ્રવાસીઓ હવેથી કચ્છના દરિયા કિનારાની મજા પણ માણી શકશે.
- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કરેલી જાહેરાત અનુસાર ગુજરાતમાં હવે ધોરડોના રણોત્સવની સાથે જ દર વર્ષે માંડવીમાં પણ બીચ ફેસ્ટિવલ તથા ટેન્ટ સિટીનું આયોજન કરવામાં આવશે.

### ➢ ગુજરાતમાં નળ સરોવર અને થોળ પક્ષી અભયારણ્ય ખાતે પક્ષીઓની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો



ગુજરાત રાજ્યના વન વિભાગ દ્વારા ગુજરાતમાં દર બે વર્ષે નળ સરોવર અને થોળ પક્ષી અભયારણ્ય ખાતે પક્ષી ગણતરી યોજવામાં આવે છે.

- આ અંતર્ગત તાજેતરમાં થયેલ પક્ષી ગણતરીમાં નળ સરોવરમાં 131 પ્રજાતિઓના 3,15,000થી વધુ પક્ષીઓ નોંધાયા હતા.
- જે અત્યાર સુધી યોજાયેલ ગણતરીઓમાં સૌથી વધુ છે.
- જ્યારે થોળમાં 87 પ્રજાતિઓના 57,000થી વધુ પક્ષીઓ નોંધાયા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**નોંધ:** (1) વર્ષ 2018માં યોજાયેલ પક્ષી ગણતરીમાં નળ સરોવર ખાતે 122 પ્રજાતિના 1,43,000થી વધુ પક્ષીઓ નોંધાયા હતા.
(2) જ્યારે વર્ષ 2018માં થોળમાં 92 પ્રજાતિના 40,000થી વધુ પક્ષીઓ નોંધાયા હતા.

## કચ્છમાં પ્રથમવાર પક્ષી ગણતરી

ગુજરાત સરકારના વનવિભાગ દ્વારા ફેબ્રુઆરી 2020 દરમિયાન કચ્છમાં પ્રથમ વખત પક્ષી ગણતરી હાથ ધરવામાં આવી હતી.

- જેમાં કચ્છના મોટા રણમાં 4,85,000થી વધુ અને નાના રણમાં 4,00,000થી વધુ પક્ષીઓ જોવા મળ્યા હતા.
- કચ્છના મોટા અને નાના રણમાં જોવા મળેલા કુલ 8.85 લાખ પક્ષીઓમાં ફ્લેમિંગોની સંખ્યા 5.50 લાખ જેટલી હતી.

**નોંધ:** (1) ફ્લેમિંગો અથવા તો Greater Flamingo એ ગુજરાતનું રાજ્ય પક્ષી છે.
(2) કચ્છના મોટા રણમાં ગુજરાતના રાજ્ય પક્ષી જાહેર થયેલા ફ્લેમિંગોની ખૂબ મોટી વસાહત વિકસી હતી.
(3) ગુજરાતના નળ સરોવરને વર્ષ 2012માં આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતા જલ પ્લાવિત વિસ્તાર એટલે કે રામસર સાઈટની માન્યતા પ્રાપ્ત થઈ છે.
(4) ફેબ્રુઆરી 2020 સુધીમાં ભારતની કુલ 37 સાઈટનો રામસર સાઈટમાં સમાવેશ થયો છે. જેમાં ગુજરાતમાંથી એક માત્ર નળ સરોવર પક્ષી અભયારણ્યનો સમાવેશ થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. ફેબ્રુઆરી 2020 દરમિયાન ભારતમાં વિવિધ રાજ્યોના પ્રવાસન સચિવોની અખિલ ભારતીય પરિષદનું આયોજન ક્યાં થયું હતું ?
(A) નવી દિલ્હી (B) સ્ટેચ્યુ ઓફ યુનિટી (C) લદાખ (D) ધોરડો — **(D)**

2. ફેબ્રુઆરી 2020 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં ક્યા બીચ ફેસ્ટિવલ તથા ટેન્ટ સિટીનો શુભારંભ કરાવ્યો હતો ?
(A) મુંદ્રા (B) પોરબંદર (C) માંડવી (D) દ્વારકા — **(C)**

3. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કરેલી જાહેરાત અનુસાર ગુજરાતમાં ધોરડો ખાતે યોજાતા રણોત્સવની સાથે જ દર વર્ષે કઈ જગ્યાએ બીચ ફેસ્ટિવલ તથા ટેન્ટ સિટીનું આયોજન કરવામાં આવશે ?
(A) માધવપુર (B) ગોપનાથ (C) માંડવી (D) કંડલા — **(C)**

4. ફેબ્રુઆરી 2020 દરમિયાન ગુજરાતમાં કયા સ્થળે પ્રથમ વખત પક્ષી ગણતરી હાથ ધરવામાં આવી હતી ?
(A) નળ સરોવર (B) કચ્છ
(C) થોળ પક્ષી અભયારણ્ય (D) ખિજડિયા પક્ષી અભયારણ્ય — **(B)**

5. તાજેતરમાં કચ્છના નાના અને મોટા રણમાં કરવામાં આવેલી પક્ષી ગણતરી દરમિયાન કચ્છમાં સૌથી વધુ ક્યા પક્ષીઓ જોવા મળ્યા હતા ?
(A) Laggar Falcon (B) Short toed Eagle
(C) Great Indian Bustard (D) Flamingo — **(D)**

6. ગુજરાતમાં નળ સરોવર અને થોળ પક્ષી અભયારણ્ય ખાતે દર કેટલા વર્ષે પક્ષી ગણતરી હાથ ધરવામાં આવે છે ?
(A) 1 (B) 2 (C) 3 (D) 5 — **(B)**

7. ફેબ્રુઆરી 2020 સુધીમાં ભારતની કુલ 37 સાઈટને આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતા જલ પ્લાવિત વિસ્તાર એટલે કે રામસર સાઈટ તરીકે માન્યતા પ્રાપ્ત થઈ છે...તેમાં ગુજરાતની કઈ અથવા તો કઈ કઈ સાઈટનો સમાવેશ થાય છે ?

1. નળ સરોવર પક્ષી અભયારણ્ય
2. થોળ પક્ષી અભયારણ્ય
3. કચ્છનું નાનું રણ
4. કચ્છનું મોટું રણ
5. ખિજડિયા પક્ષી અભયારણ્ય

(A) 1, 2, 3, 4, 5 (B) 1, 2, 5 (C) ફક્ત 1 (D) ફક્ત 2 **(C)**

8. ગુજરાતના નળ સરોવરને રામસર સાઈટની માન્યતા કયારે પ્રાપ્ત થઈ હતી ?

(A) 2010 (B) 2012 (C) 2014 (D) 2016 **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ નવી ભરતીઓ માટેની વિશેષ બેચ

20% DISCOUNT

જનરલ બેચ

ATDO
તલાટી, જૂ. કલાર્ક,
સિ.કલાર્ક, બિનસચિવાલય

વિદ્યુત સહાયક (Junior Assistant)
PGVCL, MGVCL
DGVCL, UGVCL

ફ્રી ટ્રાયલ લેકચર
27/02/2020
સાંજે : 6 to 8

ગાંધીનગર
8140601110/8140701110
ઘ-2, સેકટર-6, બીજો માળ,
ઈસ્કોન ગાંઠીયા પાસે,ગાંધીનગર

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 17 FEBRUARY, 2020 MONDAY

### ➤ શ્રી અરવિંદ કેજરીવાલ ત્રીજી વખત દિલ્હીના મુખ્યમંત્રી બન્યા



તાજેતરમાં ફેબ્રુઆરી 2020 દરમિયાન દિલ્હીમાં 7મી વિધાનસભા માટે ચૂંટણીનું આયોજન થયું હતું.

- દિલ્હી વિધાનસભાની આ ચૂંટણીમાં શ્રી અરવિંદ કેજરીવાલની 'આમ આદમી પાર્ટી' (AAP)ને પ્રચંડ બહુમતી મળી હતી.
- દિલ્હી વિધાનસભામાં કુલ 70 બેઠકો આવેલી છે.
- તેમાંથી 'આમ આદમી પાર્ટી'નો 62 બેઠકો પર વિજય થયો હતો.
- જ્યારે ભારતીય જનતા પાર્ટીને 8 બેઠકો મળી હતી.
- આ ચૂંટણી વિજય બાદ શ્રી અરવિંદ કેજરીવાલ ત્રીજી વખત દિલ્હીના મુખ્યમંત્રી બની ગયા છે.
- આ અંતર્ગત દિલ્હીના ઐતિહાસિક રામલીલા મેદાન ખાતે યોજાયેલા સમારોહમાં દિલ્હીના લેફટનન્ટ ગવર્નર (ઉપ રાજ્યપાલ) શ્રી અનિલ બૈજલે શ્રી અરવિંદ કેજરીવાલને દિલ્હીના મુખ્યમંત્રી તરીકેના શપથ અપાવ્યા હતા.

**નોંધ :** (1) દિલ્હીમાં સૌથી વધુ ત્રણ વખત મુખ્યમંત્રી બનવાનો રેકોર્ડ શ્રીમતી શીલા દિક્ષિત અને શ્રી અરવિંદ કેજરીવાલના નામે છે.

(2) શ્રી અરવિંદ કેજરીવાલ સૌપ્રથમ વખત 28 ડિસેમ્બર, 2013ના રોજ દિલ્હીના મુખ્યમંત્રી બન્યા હતા.

(3) શ્રી અરવિંદ કેજરીવાલ દિલ્હીના 7મા મુખ્યમંત્રી છે. અને દિલ્હીના 7મા મુખ્યમંત્રી તરીકે તેઓ ત્રીજી વખત ચૂંટાઈ આવ્યા છે.

### ➤ 65મો ફિલ્મફેર એવોર્ડ 2020

15 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારતમાં આસામના ગુવાહાટી ખાતે આવેલા ઈન્દિરા ગાંધી એથ્લેટિક સ્ટેડિયમમાં હિન્દી ભાષાની ફિલ્મો માટેના 65મા ફિલ્મફેર એવોર્ડ 2020ના સમારોહનું આયોજન થયું હતું.

- આ એવોર્ડ માટેનો સમારોહ મુંબઈ બહાર કોઈ અન્ય શહેરમાં યોજાયો હોય એવી આ પ્રથમ ઘટના હતી.
- આ સમારોહમાં 'ગલી બોય' ફિલ્મને સૌથી વધુ 13 એવોર્ડ એનાયત થયા હતા.
- ત્યારબાદ બીજા ક્રમે 'આર્ટિકલ 15', 'ઉરી : ધ સર્જિકલ સ્ટ્રાઈક' અને 'વૉર' ફિલ્મને 3-3 એવોર્ડ એનાયત થયા હતા.
- આ સમારોહમાં એનાયત થયેલા મુખ્ય એવોર્ડ આ પ્રમાણે છે :




**ફિલ્મફેર એવોર્ડ 2020 વિજેતા**

| ક્રમ | એવોર્ડ | વિજેતા |
|---|---|---|
| 1 | બેસ્ટ ફિલ્મ | ગલી બોય |
| 2 | બેસ્ટ એક્ટર | શ્રી રણવીર સિંહ (ફિલ્મ : ગલી બોય) |
| 3 | બેસ્ટ એક્ટ્રેસ | સુશ્રી આલિયા ભટ્ટ (ફિલ્મ : ગલી બોય) |
| 4 | બેસ્ટ ડિરેક્ટર | સુશ્રી ઝોયા અખતર (ફિલ્મ : ગલી બોય) |
| 5 | લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ | શ્રી રમેશ સિપ્પી |
| 6 | એક્સેલન્સ ઈન ઈન્ડિયન સિનેમા એવોર્ડ | શ્રી ગોવિંદા |

ICE INSTITUTE FOR COMPETITIVE ®

**નોંધ :** (1) 65મા ફિલ્મફેર એવોર્ડ 2020 માટે સૌથી વધુ **'ગલી બોય'** ફિલ્મને **19 નોમિનેશન** મળ્યા હતા.

(2) આ ફિલ્મફેર એવોર્ડ્સમાં **ક્રિટિક્સ એવોર્ડ** અંતર્ગત **'આર્ટિકલ 15'** ફિલ્મને **'બેસ્ટ ફિલ્મ'**નો એવોર્ડ મળ્યો હતો.

(3) ભારતમાં ફિલ્મફેર એવોર્ડનો પ્રારંભ **21 માર્ચ, 1954**થી થયો હતો.

(4) **ટાઈમ્સ ગ્રુપ**ના અંગ્રેજી મેગેઝિન **'FILMFARE'** દ્વારા આ પુરસ્કાર એનાયત થાય છે.

## ICE Questions

1. શ્રી અરવિંદ કેજરીવાલ તાજેતરમાં કેટલામી વખત દિલ્હીના મુખ્યમંત્રી બન્યા છે ?
(A) બીજી (B) ત્રીજી (C) ચોથી (D) પાંચમી — **(B)**

2. શ્રી અરવિંદ કેજરીવાલને દિલ્હીના મુખ્યમંત્રી તરીકેના શપથ કોણે અપાવ્યા હતા ?
(A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી એમ. વેંકૈયા નાયડુ
(C) શ્રી અનિલ બૈજલ (D) શ્રી મનિષ બ્રહ્મભટ્ટ — **(C)**

3. દિલ્હી વિધાનસભામાં કુલ કેટલી બેઠકો આવેલી છે ?
(A) 70 (B) 72 (C) 73 (D) 75 — **(A)**

4. તાજેતરમાં દિલ્હીમાં કેટલામી વિધાનસભા માટે ચૂંટણીનું આયોજન થયું હતું ?
(A) 5મી (B) 7મી (C) 8મી (D) 10મી — **(B)**

5. 15 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારતમાં કેટલામા ફિલ્મફેર એવોર્ડના વિતરણ સમારોહનું આયોજન થયું હતું ?
(A) 60મા (B) 65મા (C) 70મા (D) 75મા — **(B)**

6. ભારતમાં 65મા ફિલ્મફેર એવોર્ડ 2020 માટેનો સમારોહ ક્યાં યોજાયો હતો ?
(A) મુંબઈ (B) ભૂવનેશ્વર (C) ગુવાહાટી (D) ઈટાનગર — **(C)**

7. 65મા ફિલ્મફેર એવોર્ડ 2020માં કઈ ફિલ્મને સૌથી વધુ 13 એવોર્ડ એનાયત થયા છે ?
(A) ગલી બોય (B) વોર (C) આર્ટિકલ 15 (D) ઉરી : ધ સર્જિકલ સ્ટ્રાઈક — **(A)**

8. 65મા ફિલ્મફેર એવોર્ડ 2020માં બેસ્ટ ફિલ્મનો એવોર્ડ કોને એનાયત થયો હતો ?
(A) ગલી બોય (B) વોર (C) આર્ટિકલ 15 (D) ઉરી : ધ સર્જિકલ સ્ટ્રાઈક — **(A)**

9. 65મા ફિલ્મફેર એવોર્ડ 2020માં લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ કોને એનાયત થયો હતો ?
(A) શ્રી ગોવિંદા (B) શ્રી રમેશ સિપ્પી
(C) શ્રી કાદરખાન (D) શ્રી વિનોદ ખન્ના — **(B)**

10. 65મા ફિલ્મફેર એવોર્ડ 2020માં એક્સેલન્સ ઈન ઈન્ડિયન સિનેમા એવોર્ડ કોને એનાયત થયો હતો ?
(A) શ્રી ગોવિંદા (B) શ્રી આમીર ખાન
(C) શ્રી કાદરખાન (D) શ્રી વિનોદ ખન્ના — **(A)**

11. 65મા ફિલ્મફેર એવોર્ડ 2020માં બેસ્ટ એક્ટરનો એવોર્ડ કોને એનાયત થયો હતો ?
(A) શ્રી અક્ષયકુમાર (B) શ્રી રણવીર સિંહ
(C) શ્રી વિકી કૌશલ (D) શ્રી શાહિદ કપૂર — **(B)**

12. 65મા ફિલ્મફેર એવોર્ડ 2020માં બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ કોને એનાયત થયો હતો ?
(A) સુશ્રી તાપ્સી પન્નુ (B) સુશ્રી કૃતિ સેનન
(C) સુશ્રી કિયારા અડવાણી (D) સુશ્રી આલિયા ભટ્ટ — **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 18 FEBRUARY, 2020 TUESDAY

### ➤ ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે CMS COP-13 શિખર સંમેલન યોજાયું

15થી 22 ફેબ્રુઆરી 2020 દરમિયાન ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે સ્થળાંતર કરતા વન્ય પ્રાણીઓના સંરક્ષણ માટેની 13મી કોન્ફરન્સ ઓફ પાર્ટીઝનું આયોજન થયું હતું.

- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આ કોન્ફરન્સનો શુભારંભ કરાવ્યો હતો.
- આ કોન્ફરન્સમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સહિત અનેક રાષ્ટ્રોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.
- ભારત સરકારના વન, પર્યાવરણ મંત્રાલયના યજમાન પદે આ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ કોન્ફરન્સમાં વન્યપ્રાણીઓના સંરક્ષણ માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

#### CMS COP-13ની થીમ

આ કોન્ફરન્સની થીમ 'Migratory Species Connect the Planet and together we Welcome them home' (સ્થાનાંતરિત પ્રજાતિઓ પૃથ્વીને જોડે છે અને અમે તેમનું તેમના ઘરમાં સ્વાગત કરીએ છીએ) છે.

#### CMS COP-13નો લોગો

આ કોન્ફરન્સનો લોગો દક્ષિણ ભારતના પરંપરાગત આર્ટ ફોર્મ 'કોલામ'થી પ્રેરિત છે.

- ભારતમાં અમુર ફાલ્કન, હમ્પબેક વ્હેલ અને દરિયાઈ કાચબા જેવી મુખ્ય સ્થળાંતર પ્રજાતિઓને દર્શાવવા માટે આ લોગોમાં કોલામ આર્ટ ફોર્મનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

#### CMS COP-13નો મેસ્કોટ

આ કોન્ફરન્સનો મેસ્કોટ 'Gibi - The Great Indian Bustard' છે.

- જે એક ગંભીર રીતે લુપ્ત થતી પ્રજાતી છે.
- વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ 1972 અંતર્ગત તેને સર્વોચ્ચ સંરક્ષણનો દરજ્જો આપવામાં આવ્યો છે.

**નોંધ :**
(1) CMS COP-13નું પૂરું નામ The Thirteenth Session of the Conference of the Parties to the Convention on the Conservation of Migratory Species of Wild Animals છે.
(2) આ કોન્ફરન્સ બાદના ત્રણ વર્ષના સમય માટે આ કાર્યક્રમના પ્રમુખ તરીકે ભારતની નિમણૂક કરવામાં આવી છે.
(3) આ અગાઉ CMS COP 12નું આયોજન 23થી 28 ઓક્ટોબર, 2017 દરમિયાન ફિલિપિન્સના મનિલા ખાતે થયું હતું.



## ICE Questions

1. તાજેતરમાં ભારતમાં CMS COPની અથવા તો સ્થળાંતર કરતા વન્ય પ્રાણીઓના સંરક્ષણ માટેની કેટલામી કોન્ફરન્સ ઓફ પાર્ટીઝનું આયોજન થયું હતું ?
(A) 10મી (B) 12મી (C) 13મી (D) 14મી **(C)**

2. ફેબ્રુઆરી 2020 દરમિયાન ભારતના કયા શહેરમાં CMS COP-13 શિખર સંમેલન યોજાયું હતું ?
(A) અમદાવાદ (B) નવી દિલ્હી (C) બેંગાલુરૂ (D) ગાંધીનગર **(D)**

3. ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલા CMS COP-13 શિખર સંમેલનનો કોણે શુભારંભ કરાવ્યો હતો ?
(A) શ્રી વિજયભાઈ રૂપાણી (B) શ્રી આચાર્ય દેવવ્રત
(C) શ્રી નરેન્દ્રભાઈ મોદી (D) શ્રી રામનાથ કોવિંદ **(C)**

4. CMS COP-13ની થીમ શું હતી ?
(A) સ્થાનાંતરિત પ્રજાતિઓ પૃથ્વીને જોડે છે અમે તેમનું તેમના ઘરમાં સ્વાગત કરીએ છીએ.
(B) સ્થાનાંતરિત પ્રજાતિઓ પૃથ્વીને જોડે છે અમે તેમના દેશમાં તમારું સ્વાગત કરીએ છીએ.
(C) સ્થાનાંતરિત પ્રજાતિઓ પૃથ્વીને જોડે છે અમે તેના પ્રદેશમાં તમારું સ્વાગત કરીએ છીએ.
(D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

5. CMS COP-13નો લોગો દક્ષિણ ભારતના કયા પરંપરાગત આર્ટ ફોર્મ (કલા સ્વરૂપ)થી પ્રેરિત હતો ?
(A) મધુબની (B) કલમકારી (C) તંજાવુર (D) કોલામ **(D)**

6. CMS COP-13નો મેસ્કોટ શું હતો ?
(A) Gibi - The Great Indian Butterfly (B) Gibi - The Great Indian Baboon
(C) Gibi - The Great Indian Bustard (D) Gibi - The Great Indian Bison **(C)**

7. CMS COP કોન્ફરન્સના આગામી ત્રણ વર્ષના પ્રમુખ તરીકે કયા દેશની નિમણૂક કરવામાં આવી છે ?
(A) ભારત (B) ફ્રાન્સ (C) સિંગાપોર (D) રશિયા **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 19 FEBRUARY, 2020 WEDNESDAY

### ➤ ગુજરાતમાં સબરજિસ્ટ્રાર કચેરીઓમાં નોંધણી માટે સમય મેળવવા ઓનલાઈન અપોઈન્મેન્ટ શિડ્યુલરનો પ્રારંભ

ગુજરાતમાં ગુજરાત સરકારની સબરજિસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજની નોંધણી માટે સમય મેળવવા ઓનલાઈન એપોઈન્મેન્ટ મેળવવી ફરજિયાત કરવામાં આવી છે.

- પ્રાયોગિક ધોરણે ગુજરાતના અમદાવાદ, દહેગામ, વડોદરા, નડિયાદ, સુરત, નવસારી, રાજકોટ અને જૂનાગઢ એમ કુલ આઠ શહેરોમાં આવેલી વિવિધ સબરજિસ્ટ્રાર કચેરીઓમાંથી કુલ 8 કચેરીઓમાં આ યોજના અમલમાં મૂકવામાં આવી છે.
- સબરજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નોંધણી માટે નાગરિકોએ લાંબો સમય બેસી રહેવું ન પડે તે માટે આ Online Appointment Schedulerનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

### ગરવી વેબસાઈટના માધ્યમથી અપોઈન્મેન્ટ

દસ્તાવેજની નોંધણી માટે નાગરિકોને સરળતાથી સમય ઉપલબ્ધ થાય તે માટે 'ગરવી' વેબસાઈટના માધ્યમથી આ સુવિધા શરૂ કરવામાં આવી છે.

- અરજદાર http://gervi.gujarat.gov.in વેબસાઈટના Online Appointment Schedulerના મેનુમાં જઈને આ સુવિધા મેળવી શકશે.

## ➤ ગુજરાતમાં MSME ઉદ્યોગ સાહસિકો માટે ગુજરાત સરકારે SBI સાથે MOU કર્યા



તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**ની ઉપસ્થિતિમાં ગુજરાત સરકારના **ઉદ્યોગ વિભાગે** રાષ્ટ્રીયકૃત બેન્ક **SBI (State Bank of India)** સાથે એક MOU પર હસ્તાક્ષર કર્યા છે.

- ગુજરાતમાં **MSME** ઉદ્યોગ સાહસિકોને નવા ઉદ્યોગની સ્થાપના માટે સરળતાથી લોન મળી રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા આ કરાર કરવામાં આવ્યા છે.
- આથી, ગુજરાતમાં નવા MSME એકમોની સ્થાપના માટે નવા ઉદ્યોગ સાહસિકોને સમયમર્યાદામાં વર્કિંગ કેપિટલ અને પ્રોજેક્ટ કોસ્ટ માટે નાણાં સહાય મળી રહેશે.
- આ MOU અંતર્ગત MSME ઉદ્યોગ સાહસિકોના નવીન પ્રોજેક્ટ માટે નાણાં સહાય ઉપલબ્ધ કરાવવા **SBI** દ્વારા માત્ર **15 દિવસ**માં સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવશે.
- આ હેતુસર **SBI** એ **54** જેટલી **સ્પેશિયલાઈઝડ MSME બ્રાન્ચ** દ્વારા સ્ટાર્ટઅપ પ્રોજેક્ટમાં ફંડિંગ આપવા સહમતી દર્શાવી છે.

**નોંધ :** (1) MOUનું પૂરું નામ : Memorandum of Understanding છે.
(2) MSMEનું પૂરું નામ : Micro, Small and Medium Enterprises છે.
(3) ગુજરાતમાં MSME ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારે આ અગાઉ Bank of Baroda (BOB) અને National Stock Exchange (NSE) સાથે પણ MOU કર્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતીય સૈન્યમાં મહિલાઓને સ્થાયી કમિશન આપવા સુપ્રીમ કોર્ટનો આદેશ



ભારતની **સુપ્રીમ કોર્ટે** કેન્દ્ર સરકારને આદેશ આપ્યો છે કે **'ઈન્ડિયન આર્મી'માં મહિલાઓને પણ 'પરમેનન્ટ કમાન્ડ પોસ્ટિંગ' આપવામાં આવે.**

- આ આદેશના અમલ માટે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને **ત્રણ મહિના**નો સમય આપ્યો છે.
- સુપ્રીમ કોર્ટના આ આદેશના કારણે ભારતીય સૈન્યમાં મહિલાઓને હવે **સ્થાયી કમિશન** એટલે કે કાયમી નોકરી મળી રહેશે.
- ભારતીય સૈન્યમાં અત્યાર સુધી મહિલાઓની ભરતી **શોર્ટ સર્વિસ કમિશન** દ્વારા થતી હતી.
- આથી, તેઓ વધુમાં વધુ અગાઉ **10 વર્ષ** અને હવે **14 વર્ષ** સુધી જ સેનામાં કામ કરી શકતી હતી.

- જોકે, સુપ્રીમ કોર્ટના આ નિર્ણય બાદ મહિલાઓ હવે **નિવૃત્તિની ઉંમર સુધી** સેનામાં કામ કરી શકશે.
- આથી તેમને **પેન્શનના લાભો** મળી શકશે.
- આ ઉપરાંત તેમને **કર્નલ કે તેનાથી ઉપરના હોદ્દા સુધી પ્રમોશન** પણ મળી શકશે.

## સુપ્રીમ કોર્ટની કઈ બેન્ચે આ ચુકાદો આપ્યો છે ?

સુપ્રીમ કોર્ટના જજો **જસ્ટિસ ડી. વાય. ચંદ્રચુડ** અને **જસ્ટિસ અજય રસ્તોગીએ** આ ચુકાદો આપ્યો છે.

## કયા કેસના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપ્યો છે ?

વર્ષ **2003**માં મહિલા વકીલ **સુશ્રી બબીતા પુનિયાએ** સૌપ્રથમ **દિલ્હી હાઈકોર્ટ**માં આ માટે અપીલ કરી હતી.

- ત્યારબાદ વર્ષ 2009 સુધીમાં અનેક મહિલા અધિકારીઓએ પણ દિલ્હી હાઈકોર્ટમાં આ અંગે અરજી કરી હતી.
- આ અરજીના સંદર્ભમાં **12 માર્ચ, 2010**ના રોજ **દિલ્હી હાઈકોર્ટ**ના ન્યાયાધીશ **જસ્ટિસ સંજય કિશન કૌલે** ચુકાદો આપ્યો હતો કે, **સેનામાં મહિલાઓને સ્થાયી કમિશન આપવામાં આવે.**
- આથી, દિલ્હી હાઈકોર્ટના આ ચુકાદાને કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.
- પરિણામે કેન્દ્ર સરકારની અપીલના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપ્યો છે.
- જેમાં **દિલ્હી હાઈકોર્ટ**ના સેનામાં મહિલાઓને સ્થાયી કમિશન આપવાના ચુકાદાને **માન્ય રાખવામાં આવ્યો છે.**

## ICE Questions

1. પ્રાયોગિક ધોરણે ગુજરાતની કેટલી સબરજિસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજની નોંધણી માટે સમય મેળવવા ઓનલાઈન અપોઈન્મેન્ટ મેળવવી ફરજિયાત કરવામાં આવી છે ?
(A) 6 (B) 8 (C) 10 (D) 12 **(B)**

2. પ્રાયોગિક ધોરણે ગુજરાતની 8 સબરજિસ્ટ્રાર કચેરીઓમાં કઈ વેબસાઈટના માધ્યમથી દસ્તાવેજની નોંધણી માટે સમય મેળવવા ઓનલાઈન અપોઈન્મેન્ટ ફરજિયાત કરવામાં આવી છે ?
(A) ગુર્જર (B) ગુર્જરી (C) ગરવી (D) ગુજરાત પોર્ટલ **(C)**

3. ફેબ્રુઆરી 2020 દરમિયાન ગુજરાતના MSME ઉદ્યોગ સાહસિકો માટે ગુજરાત સરકારે કઈ બેન્ક સાથે MOU કર્યા છે ?
(A) બેન્ક ઓફ ઈન્ડિયા (B) ઈન્ડિયન બેન્ક
(C) સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા (D) સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા **(D)**

4. ગુજરાત સરકાર અને SBI વચ્ચે થયેલા MOU મુજબ ગુજરાતમાં MSME ઉદ્યોગના નવા પ્રોજેક્ટ માટે નાણાં સહાય ઉપલબ્ધ કરાવવા SBI કેટલા દિવસમાં સૈદ્ધાંતિક મંજૂરી આપશે ?
(A) 7 (B) 10 (C) 15 (D) 30 **(C)**

5. ગુજરાતમાં MSME ઉદ્યોગના વિકાસ તથા તેની સહાયતા માટે ગુજરાત સરકારે કોની સાથે MOU કર્યા છે ?
(A) SBI (B) BOB (C) NSE (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

6. તાજેતરમાં ભારતની સુપ્રીમ કોર્ટે ભારતીય સૈન્યમાં મહિલાઓને સ્થાયી કમિશન આપવાનો આદેશ આપ્યો છે...આ આદેશ મુજબ સુપ્રીમ કોર્ટે ભારતની કઈ હાઈકોર્ટે વર્ષ 2010માં આપેલા ચુકાદાને માન્ય રાખ્યો છે ?
(A) ઉત્તરાખંડ (B) બિહાર (C) દિલ્હી (D) હરિયાણા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 20 FEBRUARY, 2020 THURSDAY

### ➤ દિવસ મહિમા : 20 ફેબ્રુઆરી, વિશ્વ સામાજિક ન્યાય દિવસ (World Day of Social Justice)

### ➤ ગુજરાતની 'BISAG'ને કેન્દ્ર સરકારે National Instituteનો દરજ્જો આપ્યો

ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અધ્યક્ષતામાં નવી દિલ્હી ખાતે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં **ગુજરાત**ની **'BISAG'** એટલે કે **Bhaskaracharya Institute for Space Applications and Geo Informatics**ને **'રાષ્ટ્રીય સંસ્થા'**નો દરજ્જો આપવામાં આવ્યો છે.

- ગુજરાતના **ગાંધીનગર** ખાતે આ સંસ્થા આવેલી છે.
- તેની સ્થાપના વર્ષ **2003**માં થઈ હતી.
- **National Institute**નો દરજ્જો મળતા જ આ સંસ્થાની કામગીરીને રાષ્ટ્રીય ફલક મળશે.

**નોંધ :** આ અગાઉ **જાન્યુઆરી 2020**માં કેન્દ્ર સરકાર દ્વારા **ગુજરાત**ની **જામનગર આયુર્વેદ યુનિવર્સિટીને 'ઈન્સ્ટિટ્યુટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સ'**નો દરજ્જો આપવામાં આવ્યો હતો.


GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, બિનસચિવાલય કલાર્ક, તલાટી, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ગુજરાત તથા ભારત સરકારની
યોજના
400 થી વધુ મહત્વની યોજનાઓ

NOW AVAILABLE

Source
Authorised Data From
Government Ministries
Press Information Bureau
www.india.gov.in (National Portal of India)
Government Declarations

- પ્રિલિમ તથા મુખ્ય પરીક્ષા માટે ઉપયોગી
- જાહેર વહીવટ, પંચાયતી રાજ અને વિજ્ઞાન & ટેકનોલોજી સાથે સંલગ્ન યોજનાઓ સમાવિષ્ટ
- મહત્ત્વના વેબ પોર્ટલ અને મોબાઈલ એપ યાદ રાખવા QUICK TABLE
- મંત્રાલયો મુજબ યોજનાઓનું વર્ગીકરણ
- સરકારના દરેક ક્ષેત્રોની યોજનાઓનું 360° કવરેજ
- હાઈસ્કોર કરવા માટે FACTS & DATAનું વિભાગવાર સંકલન
- દરેક યોજનાની ટેગલાઈન, લોગો, તારીખ, સ્થળ અને લાભાર્થી સાથેની વિસ્તૃત અને વિવરણાત્મક માહિતી
- અગાઉની પરીક્ષામાં પૂછાયેલી યોજનાનું સંકલન



ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

Available at amazon

વધુ માહિતી માટે CALL 93753-01110

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ

## ➤ ગુજરાતના નર્મદા, નવસારી અને પોરબંદર જિલ્લામાં નવી મેડિકલ કોલેજો શરૂ કરવા કેન્દ્ર સરકારની મંજૂરી

ભારતના જે જિલ્લાઓમાં મેડિકલ કોલેજો નથી તેવા 75 જિલ્લાઓમાં નવી મેડિકલ કોલેજોની સ્થાપના માટે કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા ભારતના વિવિધ રાજ્યોની સરકારો પાસેથી દરખાસ્ત મંગાવવામાં આવી હતી.

- આ માટે ગુજરાતના 5 જિલ્લાઓની પસંદગી થઈ છે. અને આ માટે ગુજરાત સરકારે દરખાસ્ત રજૂ કરી હતી.
- આ 5 જિલ્લાઓમાંથી ગુજરાતના નર્મદા, નવસારી અને પોરબંદર એમ કુલ ત્રણ જિલ્લાઓમાં નવી મેડિકલ કોલેજની સ્થાપના માટે કેન્દ્ર સરકારે મંજૂરી આપી દીધી છે.
- આ અંતર્ગત આ ત્રણેય જિલ્લાઓમાં રૂ. 325-325 કરોડના ખર્ચે હયાત હોસ્પિટલોનું અપગ્રેડેશન અને નવી મેડિકલ કોલેજોની સ્થાપના કરવામાં આવશે.
- આ માટે કેન્દ્ર સરકારના રૂ. 585 કરોડ અને રાજ્ય સરકારના રૂ. 390 કરોડ મળીને કુલ રૂ. 975 કરોડનો ખર્ચ કરવામાં આવશે.
- આ માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે ખર્ચનું ધોરણ 60 : 40 છે.
- આ ત્રણેય જિલ્લાઓમાં પ્રથમ તબક્કે 300 બેડની અને કોલેજ પૂર્ણ થતાં 500 બેડની સુવિધાવાળી હોસ્પિટલોનું નિર્માણ થશે.
- જ્યારે આ કોલેજોમાં પ્રથમ વર્ષે 100 બેઠકો પર પ્રવેશ મળશે.
- આ અંતર્ગત ગુજરાતમાં નીચેના ત્રણ સ્થળોએ નવી મેડિકલ કોલેજોનું નિર્માણ થશે.

| ક્રમ | સ્થળ | જિલ્લો |
|---|---|---|
| 1 | રાજપીપળા | નર્મદા |
| 2 | નવસારી | નવસારી |
| 3 | પોરબંદર | પોરબંદર |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ચિલ્ડ્રન યુનિવર્સિટીના નવા ભવન માટે ગાંધીનગર જિલ્લાના શાહપુર ખાતે 30 એકર જમીન ફાળવાઈ




ગુજરાતમાં હાલ ગાંધીનગરના સેક્ટર 20 ખાતે આવેલા સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલમાં ચિલ્ડ્રન યુનિવર્સિટી કાર્યરત છે.

- આ ચિલ્ડ્રન યુનિવર્સિટીના નવા ભવન માટે ગુજરાત સરકારે ગાંધીનગર જિલ્લાના શાહપુર ખાતે વિના મૂલ્યે 30 એકર જમીન ફાળવી છે.
- આથી, હવે ગાંધીનગરના શાહપુર ખાતે ચિલ્ડ્રન યુનિવર્સિટીનું નિર્માણ થશે.
- જેનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર આપશે.
- ગુજરાત સરકાર દ્વારા સંચાલિત આ યુનિવર્સિટીના પગાર ભથ્થા તથા અન્ય બાળ ઉછેર લક્ષી શિક્ષણ માટે 100 ટકા ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

## ICE Questions

1. 'વિશ્વ સામાજિક ન્યાય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 18 ફેબ્રુઆરી (B) 19 ફેબ્રુઆરી (C) 20 ફેબ્રુઆરી (D) 21 ફેબ્રુઆરી **(C)**

2. કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં ગુજરાતની કઈ સંસ્થાને 'નેશનલ ઈન્સ્ટિટ્યુટ'નો દરજ્જો આપવામાં આવ્યો છે ?
(A) Indian Institute of Information Technology (IIIT), Vadodara
(B) Indian Institute of Information Technology (IIIT), Ahmedabad
(C) Indian Institute of Information Technology (IIIT), Gandhinagar
(D) Bhaskaracharya Institute for Space Applications and Geo Informatics (BISAG) **(D)**

3. જાન્યુઆરી 2020 દરમિયાન ગુજરાતની કઈ આયુર્વેદ યુનિવર્સિટીને કેન્દ્ર સરકાર દ્વારા 'ઈન્સ્ટિટ્યુટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સ'નો દરજ્જો આપવામાં આવ્યો હતો ?
(A) જામનગર (B) ભાવનગર (C) ગાંધીનગર (D) અમદાવાદ **(A)**

4. ગુજરાતના કયા ત્રણ જિલ્લાઓમાં નવી મેડિકલ કોલેજો શરૂ કરવા કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે ?
(A) નર્મદા, નવસારી, આણંદ (B) નર્મદા, નવસારી, ડાંગ
(C) નર્મદા, નવસારી, પોરબંદર (D) નર્મદા, નવસારી, દાહોદ **(C)**

5. ગુજરાતના ત્રણ જિલ્લાઓમાં નવી મેડિકલ કોલેજો શરૂ કરવા માટે કેન્દ્ર સરકારે તાજેતરમાં મંજૂરી આપી છે... આ અંતર્ગત ગુજરાતના કયા ત્રણ શહેરોમાં નવી મેડિકલ કોલેજોની સ્થાપના કરવામાં આવશે ?
(A) નવસારી, પોરબંદર, નાંદોદ (B) નવસારી, પોરબંદર, સાગબારા
(C) નવસારી, પોરબંદર, તિલકવાડા (D) નવસારી, પોરબંદર, રાજપીપળા **(D)**

6. ગુજરાતમાં આવેલી ચિલ્ડ્રન યુનિવર્સિટીના નવા ભવન માટે ગુજરાત સરકારે ગુજરાતના કયા જિલ્લામાં 30 એકર જમીન ફાળવી છે ?
(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) રાજકોટ (D) સુરત **(B)**

7. ગુજરાતમાં આવેલી ચિલ્ડ્રન યુનિવર્સિટીના નવા ભવન માટે ગુજરાત સરકારે ગુજરાતના ગાંધીનગર જિલ્લાના કયા ગામ પાસે 30 એકર જમીન ફાળવી છે ?
(A) ભાટ (B) અડાલજ (C) શાહપુર (D) ખોરજ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 21 FEBRUARY, 2020 FRIDAY

➤ **દિવસ મહિમા : 21 ફેબ્રુઆરી, (1) આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ (International Mother Language Day)**
**મહાવદ તેરસ, (2) મહાશિવરાત્રી**

### આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ

ભાષાકીય અને સાંસ્કૃતિક વિવિધતા અંગે જાગૃતિ લાવવા તથા બહુભાષાવાદને પ્રોત્સાહન આપવા માટે **21 ફેબ્રુઆરી**ના રોજ સમગ્ર વિશ્વમાં **'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- **17 નવેમ્બર, 1999**ના રોજ **યુનેસ્કો** દ્વારા **'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'**ની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ અંતર્ગત સૌપ્રથમ 21 ફેબ્રુઆરી, 2000ના રોજ 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- બાંગ્લાદેશમાં 1952માં થયેલી બંગાળી ભાષા ચળવળને માન્યતા આપવા માટે 21 ફેબ્રુઆરીના રોજ 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- UNESCO દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2020ના 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની થીમ 'Languages Without Borders' છે.

**નોંધ :** (1) UNESCOનું પૂરું નામ 'યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન' છે.
(2) UNESCOનું વડું મથક ફ્રાન્સની રાજધાની પેરીસ ખાતે આવેલું છે.
(3) યુનાઈટેડ નેશન્સની સામાન્ય સભા દ્વારા વર્ષ 2008ને 'આંતરરાષ્ટ્રીય ભાષા વર્ષ' તરીકે ઉજવવામાં આવ્યું હતું.

## ➤ ભવનાથનો મહાશિવરાત્રીનો મેળો



ગુજરાતના જૂનાગઢ ખાતે મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે દર વર્ષે પાંચ દિવસનો મેળો યોજાય છે.

- આ મેળાને વર્ષ 2019થી ગુજરાત સરકાર દ્વારા 'મિનીકુંભ' નો દરજ્જો આપવામાં આવ્યો છે.
- આ મેળામાં શિવરાત્રીના દિવસે નીકળતી દિગમ્બર સાધુઓની રવેડી સૌના આકર્ષણનું કેન્દ્ર રહે છે.
- આ રવેડી ગિરનાર તળેટીના જૂના અખાડાથી નીકળીને ભવનાથ મંદિર પહોંચે છે.
- આ રવેડી ભવનાથ મંદિર પહોંચ્યા બાદ સાધુ–સંતો ભવનાથ મંદિરના પૌરાણિક મૃગીકુંડમાં સ્નાન કરે છે.

**નોંધ :** ભારતમાં મહાવદ–13(તેરસ)ની રાત્રી 'મહાશિવરાત્રી' તરીકે ઉજવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE E

## ➤ બ્રિટનને પાછળ રાખી ભારત વિશ્વનું પાંચમા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર બન્યું




અમેરિકા સ્થિત થિંક ટેન્ક વર્લ્ડ પોપ્યુલેશન રિવ્યુ દ્વારા તાજેતરમાં એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટ અનુસાર વર્ષ 2019માં બ્રિટન અને ફ્રાન્સને પાછળ રાખીને ભારત વિશ્વનું પાંચમાં નંબરનું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે.
- આ રિપોર્ટ મુજબ અમેરિકા વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર છે.
- અમેરિકા બાદ ચીન બીજા, જાપાન ત્રીજા અને જર્મની ચોથા ક્રમે છે.
- જયારે પાંચમા ક્રમે ભારત બાદ બ્રિટન છઠ્ઠા અને ફ્રાન્સ સાતમા ક્રમે છે.

**વિશ્વના સૌથી ટોચના અર્થતંત્રો**

| ક્રમ | દેશ | ઈકોનોમીનું અંદાજિત કદ ટ્રિલિયન ડોલરમાં |
|---|---|---|
| 1. | અમેરિકા | 21.44 |
| 2. | ચીન | 14.14 |
| 3. | જાપાન | 5.15 |
| 4. | જર્મની | 4.00 |
| 5. | ભારત | 2.94 |
| 6. | બ્રિટન | 2.83 |
| 7. | ફ્રાન્સ | 2.71 |
| 8. | ઈટલી | 1.99 |
| 9. | બ્રાઝિલ | 1.85 |
| 10. | કેનેડા | 1.73 |

## ➤ ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી સચિન તેંડુલકરને સ્પોર્ટ્સની દુનિયાના ઓસ્કાર તરીકે ઓળખાતો લોરિયસ ઍવોર્ડ એનાયત



તાજેતરમાં **જર્મની**ની રાજધાની **બર્લીન** ખાતે **વર્ષ 2020**ના **લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ**ના વિતરણ માટેના સમારોહનું આયોજન થયું હતું.

- આ સમારોહમાં ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર **શ્રી સચિન તેંડુલકર**ને **લોરિયસ સ્પોર્ટિંગ મોમેન્ટ ઓફ ધ યર 2000-2020** એવોર્ડ એનાયત થયો છે.
- વર્ષ 2011ની વર્લ્ડ કપ વિનિંગ મોમેન્ટ માટે શ્રી સચિન તેંડુલકરને આ એવોર્ડ એનાયત થયો છે.
- **વર્ષ 2011**ના ક્રિકેટ વર્લ્ડ કપની ફાઈનલ મેચ જીત્યા બાદ ટીમ ઈન્ડિયાના ખેલાડીઓએ શ્રી સચિન તેંડુલકરને ખભે બેસાડીને સ્ટેડિયમના ચક્કર લગાવ્યા હતા.
- આ મોમેન્ટને છેલ્લાં 20 વર્ષની શ્રેષ્ઠ સ્પોર્ટ્સ મોમેન્ટ જાહેર કરીને શ્રી સચિન તેંડુલકરને આ એવોર્ડ એનાયત થયો છે.
- આ સમારોહમાં બેસ્ટ સ્પોર્ટિંગ મોમેન્ટ એવોર્ડના વિજેતા તરીકે શ્રી સચિન તેંડુલકરના નામની જાહેરાત જર્મનીના પ્રસિદ્ધ ખેલાડી **શ્રી બોરિસ બેકરે** કરી હતી.
- જયારે ઓસ્ટ્રેલિયાના પ્રસિદ્ધ ક્રિકેટર **શ્રી સ્ટીવ વો**ના હસ્તે શ્રી સચિન તેંડુલકરને આ એવોર્ડ એનાયત થયો હતો.

**Laureus World Sports Awards 2020**

| ક્રમ | એવોર્ડ | વિજેતા | રમત |
|---|---|---|---|
| 1. | સ્પોર્ટિંગ મોમેન્ટ ઓફ ધ યર 2000-2020 | શ્રી સચિન તેંડુલકર | ક્રિકેટ |
| 2. | સ્પોર્ટ્સ મેન ઓફ ધ યર | શ્રી લુઈસ હેમિલ્ટન | કાર રેસિંગ |
| | | શ્રી લિયોનેલ મેસ્સી | ફૂટબોલ |
| 3. | સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યર | સુશ્રી સિમોન બાઈલ્સ | જિમ્નાસ્ટિક |

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ICE ? Questions

1. 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 19 ફેબ્રુઆરી (B) 20 ફેબ્રુઆરી (C) 21 ફેબ્રુઆરી (D) 22 ફેબ્રુઆરી **(C)**

2. UNESCO દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2020ના 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની થીમ શું છે ?
(A) Our Languages, Our Assets (B) Languages without Borders
(C) Languages and Cyberspace (D) Languages and World **(B)**

3. ભારતમાં દર વર્ષે કઈ રાત્રી મહાશિવરાત્રી તરીકે ઉજવાય છે ?
(A) મહાવદ તેરસ (B) મહાસુદ તેરસ (C) મહાવદ ચૌદસ (D) મહાસુદ ચૌદસ **(A)**

4. ગુજરાતમાં મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે જૂનાગઢ ખાતે નીકળતી દિગમ્બર સાધુઓની રવેડી ભવનાથ મંદિરના કયા પૌરાણિક કુંડમાં સ્નાન કરે છે ?
(A) ભૃગીકુંડ (B) મુનીકુંડ (C) મૃગીકુંડ (D) યોગીકુંડ **(C)**

5. અમેરિકા સ્થિત થિંક ટેન્ક વર્લ્ડ પોપ્યુલેશન રિવ્યુ દ્વારા પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર ભારત વિશ્વનું કયા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર છે ?
(A) ચોથા (B) પાંચમા (C) છઠ્ઠા (D) સાતમા **(B)**

6. વર્લ્ડ પોપ્યુલેશન રિવ્યુના રિપોર્ટ અનુસાર વર્ષ 2019માં ભારત કયા બે દેશોને પાછળ રાખીને વિશ્વનું પાંચમા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે ?
(A) બ્રિટન અને જાપાન (B) બ્રિટન અને જર્મની
(C) બ્રિટન અને ફ્રાન્સ (D) જર્મની અને ફ્રાન્સ **(C)**

7. તાજેતરમાં ભારતના કયા ખેલાડીને સ્પોર્ટ્સની દુનિયાના ઓસ્કાર તરીકે ઓળખાતો લોરિયસ એવોર્ડ એનાયત થયો છે ?
(A) શ્રી વિરાટ કોહલી (B) શ્રી સચિન તેંડુલકર
(C) સુશ્રી એમ. સી. મેરીકોમ (D) સુશ્રી પી. વી. સિંધૂ **(B)**

8. ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી સચિન તેંડુલકરને કયો લોરિયસ એવોર્ડ એનાયત થયો છે ?
(A) સ્પોર્ટ્સ મેન ઓફ ધ યર (B) બ્રેક થ્રુ ઓફ ધ યર
(C) સ્પોર્ટ્સ ફોર ગુડ (D) સ્પોર્ટિંગ મોમેન્ટ 2000-2020 **(D)**

9. તાજેતરમાં કઈ જગ્યાએ યોજાયેલા સમારોહમાં ભારતના શ્રી સચિન તેંડુલકરને 'લોરિયસ સ્પોર્ટિંગ મોમેન્ટ 2000-2020 એવોર્ડ' એનાયત થયો છે ?
(A) પેરિસ (B) બાર્સેલોના (C) બર્લીન (D) ઓસાકા **(C)**

10. જર્મનીના બર્લીન ખાતે યોજાયેલા સમારોહમાં શ્રી સચિન તેંડુલકરને કોના હસ્તે 'લોરિયસ સ્પોર્ટિંગ મોમેન્ટ 2000-2020 એવોર્ડ' એનાયત થયો છે ?
(A) શ્રી બોરિસ બેકર (B) શ્રી રીકી પોન્ટિંગ
(C) શ્રી લુઈસ હેમિલ્ટન (D) શ્રી સ્ટીવ વો **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 22 FEBRUARY, 2020 SATURDAY

### ➤ ઉત્તરપ્રદેશના વારાણસી અને મધ્યપ્રદેશના ઈન્દોર વચ્ચે કાશી મહાકાલ એક્સપ્રેસ ટ્રેનનો પ્રારંભ

તાજેતરમાં ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **ઉત્તરપ્રદેશ**ના **વારાણસી** ખાતેથી **કાશી મહાકાલ એક્સપ્રેસ**નો શુભારંભ કરાવ્યો છે.

- આ ટ્રેન ઉત્તરપ્રદેશના **વારાણસી** અને મધ્યપ્રદેશના **ઈન્દોર** વચ્ચે દોડશે.
- વારાણસી–ઈન્દોર વચ્ચે શરૂ થયેલી આ ટ્રેન ભારતના **ત્રણ જ્યોતિર્લિંગોને** જોડશે.
  (1) કાશી વિશ્વનાથ : વારાણસી (ઉત્તરપ્રદેશ)
  (2) મહાકાલેશ્વર : ઉજ્જૈન (મધ્યપ્રદેશ)
  (3) ઓમકારેશ્વર : ઈન્દોરની બાજુમાં (મધ્યપ્રદેશ)
- ધાર્મિક યાત્રાના હેતુથી શરૂ થયેલી આ ટ્રેનમાં ભક્તિ સંગીત વગાડવામાં આવશે અને તેમાં ફક્ત શાકાહારી ભોજન જ પીરસવામાં આવશે.

### ટ્રેનનું સંચાલન

આ ટ્રેનનું સંચાલન **IRCTC** દ્વારા કરવામાં આવશે.

- IRCTC દ્વારા સંચાલિત આ ભારતની **ત્રીજી ખાનગી ટ્રેન** હશે.
- IRCTC દ્વારા આ અગાઉ **લખનૌ-નવી દિલ્હી** અને **અમદાવાદ-મુંબઈ** વચ્ચે શરૂ થયેલી **બે તેજસ એક્સપ્રેસ** ટ્રેનનું સંચાલન કરવામાં આવે છે.
- **IRCTC** નું પૂરું નામ **Indian Railway Catering and Tourism Corporation** છે.

**નોંધ :** (1) તાજેતરમાં શરૂ થયેલી આ કાશી મહાકાલ એક્સપ્રેસમાં ભગવાન શિવ માટે એક સીટ રિઝર્વ રાખવામાં આવી છે એવી માહિતી ફેલાવીને એ અંગે વિવાદ સર્જાયો હતો.

(2) જોકે, IRCTC એ આ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે તે ટ્રેનમાં ભગવાન શિવ માટે કોઈ જ સીટ રિઝર્વ રાખવામાં આવી નથી. આ ટ્રેનમાં ઉદ્‌ઘાટન સમયે ફક્ત પૂજા માટે જ એક સીટ રિઝર્વ રાખવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં ક્યાંથી કાશી મહાકાલ એક્સપ્રેસ ટ્રેનનો શુભારંભ કરાવ્યો હતો ?<br>(A) અયોધ્યા (B) પ્રયાગરાજ (C) લખનૌ (D) વારાણસી | (D) |
| 2. | ભારતના કયા બે શહેરો વચ્ચે કાશી મહાકાલ એક્સપ્રેસ ટ્રેનનો પ્રારંભ થયો છે ?<br>(A) વારાણસી - ઈન્દોર (B) વારાણસી - ઉજ્જૈન<br>(C) વારાણસી - પૂણે (D) વારાણસી - નાસિક | (A) |
| 3. | ધાર્મિક યાત્રા માટે શરૂ થયેલી કાશી મહાકાલ એક્સપ્રેસ ભારતના કયા ત્રણ જ્યોતિર્લિંગોને જોડે છે ?<br>(A) કાશી વિશ્વનાથ, મહાકાલેશ્વર, ભીમાશંકર<br>(B) કાશી વિશ્વનાથ, મહાકાલેશ્વર, ઓમકારેશ્વર<br>(C) કાશી વિશ્વનાથ, મહાકાલેશ્વર, મલ્લિકાર્જુન<br>(D) કાશી વિશ્વનાથ, મહાકાલેશ્વર, ધુશ્મેશ્વર | (B) |
| 4. | ભારતમાં શરૂ થયેલી કાશી મહાકાલ એક્સપ્રેસ IRCTC દ્વારા સંચાલિત ભારતની કેટલામી ખાનગી ટ્રેન છે ?<br>(A) બીજી (B) ત્રીજી (C) ચોથી (D) પાંચમી | (B) |
| 5. | IRCTCનું પૂરું નામ શું છે ?<br>(A) Indian Railway Catering and Tourism Company<br>(B) Indian Railway Catering and Tourism Corporation<br>(C) Indian Railway Catering and Tourism Companies<br>(D) ત્રણમાંથી કોઈ નહિ | (B) |

ICE COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

### ગુજરાત

**➤ બનાસકાંઠા જિલ્લાના સણાદર ખાતે બનાસ ડેરીના દૂધ પ્રોસેસિંગ પ્લાન્ટનું ખાતમુહૂર્ત**

16 ફેબ્રુઆરી, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના સણાદર ખાતે બનાસ ડેરીના દૂધ પ્રોસેસિંગ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કર્યું છે. બનાસ ડેરીના આ નવા પ્લાન્ટની દૂધ પ્રોસેસિંગ ક્ષમતા દૈનિક 30 લાખ લિટરની છે. આ પ્લાન્ટમાં દૂધ ઉપરાંત બટાટા અને દાડમનું પણ પ્રોસેસિંગ થશે. બનાસ ડેરીનું વડું મથક પાલનપુર ખાતે આવેલું છે. બનાસ ડેરીની સ્થાપનામાં શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલની (અથવા તો શ્રી ગલબા કાકાની) મહત્ત્વની ભૂમિકા હતી.

## ➤ બનાસકાંઠા જિલ્લાના થરાદ ખાતે નવનિર્મિત કૃષિ મહાવિદ્યાલયનું લોકાર્પણ

16 ફેબ્રુઆરી, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતમાં **બનાસકાંઠા** જિલ્લાના **થરાદ** ખાતે નવનિર્મિત **કૃષિ મહાવિદ્યાલય**નું લોકાર્પણ કરાવ્યું છે. રૂ. 36 કરોડના ખર્ચે નિર્માણ પામેલ આ કૃષિ મહાવિદ્યાલયનું સરદાર કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા અંતર્ગત નિર્માણ કરવામાં આવ્યું છે.

## ➤ બનાસકાંઠા જિલ્લાના થરાદ ખાતેથી થરાદ-સીપુ બહુહેતુક યોજનાનો શુભારંભ

16 ફેબ્રુઆરી, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતમાં **બનાસકાંઠા** જિલ્લાના **થરાદ** ખાતેથી **થરાદ-સીપુ બહુહેતુક યોજના**નો શુભારંભ કરાવ્યો છે. રૂ. 635 કરોડના ખર્ચે તૈયાર થયેલી આ બહુહેતુક યોજનાથી આ વિસ્તારની 6 હજાર હેક્ટર કરતા પણ વધુ જમીનને પિયતનો લાભ મળશે.

## ➤ અમદાવાદમાં લાલ દરવાજા પાસે આવેલી ભદ્ર કોર્ટમાં વલ્નરેબલ વિટનેસ ડીપોઝીશન સેન્ટરનું ઉદ્‌ઘાટન

16 ફેબ્રુઆરી, 2020ના રોજ ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ **શ્રી એ. જે. દેસાઈ**એ ગુજરાતના **અમદાવાદ**માં **ભદ્ર કોર્ટ, લાલ દરવાજા** ખાતે તૈયાર થયેલા **વલ્નરેબલ વિટનેસ ડીપોઝીશન સેન્ટર**નું ઉદ્‌ઘાટન કર્યું છે. સાક્ષી કોઈપણ પ્રકારના દબાણ વગર પોતાની વાત રજૂ કરી શકે તે માટે આ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. જેમાં ગ્રાઉન્ડ ફ્લોરથી સાક્ષી જુબાની આપશે અને નવમા માળે જજશ્રી દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તેને સાંભળવામાં આવશે.

## ➤ ગુજરાત સરકાર દ્વારા ધોરણ 10, 12ના ચાર કરોડથી વધુ વિદ્યાર્થીઓના દસ્તાવેજોનું ડિજિટલાઈઝેશન સંપન્ન

ગુજરાત સરકાર દ્વારા **ધોરણ 10, 12**ના ચાર કરોડથી વધુ વિદ્યાર્થીઓના દસ્તાવેજોનું ડિજિટલાઈઝેશન કરવામાં આવ્યું છે. આથી, ગુજરાતમાં હવે **1952**થી અત્યાર સુધીના કોઈપણ વર્ષના ઓલ્ડ SSC સહિત ધોરણ 10, 12ના ડુપ્લિકેટ માર્કશીટ, પ્રમાણપત્રો ઓનલાઈન અરજી દ્વારા મેળવી શકાશે. આ ઓનલાઈન સુવિધાના પ્રારંભથી વિદ્યાર્થીઓને ઘેર બેઠા પ્રમાણપત્રો મળી શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE Questions

- 16 ફેબ્રુઆરી, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં કઈ જગ્યાએ આવેલા બનાસ ડેરીના દૂધ પ્રોસેસિંગ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કર્યું છે ? – સણાદર (બનાસકાંઠા)
- 16 ફેબ્રુઆરી, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં કઈ જગ્યાએ નવનિર્મિત કૃષિ મહાવિદ્યાલયનું લોકાર્પણ કર્યું છે ? – થરાદ (બનાસકાંઠા)
- 16 ફેબ્રુઆરી, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ બનાસકાંઠા જિલ્લાના થરાદ ખાતેથી કઈ બહુહેતુક યોજનાનો શુભારંભ કરાવ્યો છે ? – થરાદ-સીપુ બહુહેતુક યોજના
- ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ શ્રી એ. જે. દેસાઈએ ગુજરાતની કઈ કોર્ટમાં વલ્નરેબલ વિટનેસ ડીપોઝીશન સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યું છે ? – ભદ્ર કોર્ટ, લાલ દરવાજા (અમદાવાદ)
- ગુજરાત સરકાર દ્વારા કયા ધોરણના 4 કરોડથી વધુ વિદ્યાર્થીઓના દસ્તાવેજોનું ડિજિટલાઈઝેશન કરવામાં આવ્યું છે ? – ધોરણ 10, 12 તથા ઓલ્ડ SSC

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. રાષ્ટ્રીય બ્રેકીશવોટર (ખારાપાણી) કોન્કલેવ 2020નું ગુજરાતના કયા શહેરમાં આયોજન થયું હતું ? – સુરત
(સુરતના સારસાણા ખાતે આવેલા સુરત કન્વેશન સેન્ટર ખાતે યોજાયેલી આ કોન્કલેવમાં 700 જેટલા જળખેડૂતોએ ભાગ લઈને જળચર ઉછેર અને જિંગા ઉછેર વિશે વૈજ્ઞાનિકો સાથે સંવાદ કર્યો હતો. )
2. ગુજરાતના કેવડિયા ખાતે યોજાયેલી ભારત સરકારના કોલસા અને ખાણ મંત્રાલયની ચિંતન શિબિરમાં કેન્દ્રીય મંત્રી શ્રી પ્રહલાદ જોશીએ કરેલી જાહેરાત અનુસાર ક્યાં સુધીમાં ભારતમાં થર્મલ કોલસાની આયાત પર પૂર્ણ વિરામ મૂકીને ભારત આત્મનિર્ભર બનશે ? – વર્ષ 2023-24
3. 15થી 19 ફેબ્રુઆરી, 2020 દરમિયાન ગુજરાતના કયા શહેરમાં 65મી નેશનલ સ્કૂલ ગેમ્સનું આયોજન થયું હતું ? – નડિયાદ
4. ગુજરાત સરકારે તાજેતરમાં કરેલા નિર્ણય અનુસાર ગુજરાતમાં હવે કઈ વીમા યોજના હેઠળના દવાખાનાઓમાં પણ આ યોજનાના લાભાર્થી ન હોય તેવા સામાન્ય નાગરિકોને પણ વિના મૂલ્યે સારવાર આપવામાં આવશે ? – કામદાર રાજ્ય વીમા યોજના
5. 13 ફેબ્રુઆરી, 2020ના રોજ ગુજરાત સરકાર દ્વારા ‘સ્ટડી ઈન ગુજરાત અભિયાન’ અંતર્ગત કેન્યાના કયા શહેરમાં રોડ શોનું આયોજન કરવામાં આવ્યું હતું ? – નૈરોબી
6. સ્વ-સહાય જૂથોને પ્રોત્સાહન આપવા માટે 16થી 23 ફેબ્રુઆરી, 2020 દરમિયાન ગુજરાતના કયા શહેરમાં ‘સરસ મેળા 2020’નું આયોજન થયું હતું ? – અમદાવાદ
7. 21 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારતના કયા શહેરમાં ‘ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 2020’નો શુભારંભ થયો છે ? –ભૂવનેશ્વર
8. સ્થાયી ખાદ્ય સમાધાન માટે કયા દેશે 1 મિલિયન ડોલરના ‘ફૂડ પ્લાનેટ પ્રાઈઝ’ શરૂ કરવાની જાહેરાત કરી છે ? – સ્વીડન
9. 20 ફેબ્રુઆરી, 2020ના રોજ CMS COP-13માં કયા પશુ-પક્ષીને લુપ્તપ્રાયઃ પ્રવાસી પ્રજાતિ જાહેર કરવામાં આવ્યા છે ? – એશિયાઈ હાથી, ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ અને બંગાળ ફ્લોરિકન
10. ઈકોનોમિક ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા પ્રસિદ્ધ થયેલા ‘વર્લ્ડવાઈડ એજ્યુકેશન ફોર ધ ફ્યુચર ઈન્ડેક્સ 2019’માં ભારત કયા ક્રમે છે ? – 35મા
(આ અગાઉ પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં ભારત 40મા ક્રમે હતું.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. ભારતના નવા CVC (અથવા તો Central Vigilance Commission)ના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી સંજય કોઠારી

12. ભારતમાં નવા મુખ્ય માહિતી કમિશનર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી બિમલ જુલ્કા

13. ભારતમાં વિવિધ ટેક્નોલોજીના વિકાસ માટે કેટલા સભ્યોના ટેક્નોલોજી ગ્રૂપની રચના કરવા માટે કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂરી આપી દીધી છે ? – 12

14. તાજેતરમાં ભારતનું કયું એરપોર્ટ સિંગલ-યુઝ પ્લાસ્ટિકથી મુક્ત ભારતનું પ્રથમ એરપોર્ટ બન્યું છે ? – દિલ્હી

15. 19 ફેબ્રુઆરી, 2020ના રોજ કેન્દ્રીય કેબિનેટે કેટલામા કાયદા આયોગ (Law Commission)ની રચનાની મંજૂરી આપી છે ? – 22મા

(આ કાયદા આયોગનો સમયગાળો ત્રણ વર્ષનો હશે. તેમાં એક પૂર્ણ સમયના અધ્યક્ષ અને અન્ય 4 પૂર્ણ સમયના સભ્યો હશે.)

16. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા એથનોલોગના રિપોર્ટ અનુસાર હિન્દી વિશ્વની કેટલામી સૌથી વધુ બોલાતી ભાષા છે ? – અંગ્રેજી અને મેન્ડરિન બાદ ત્રીજી

17. તાજેતરમાં પાકિસ્તાને 600 કિમીની રેન્જની કઈ મિસાઈલનું પરીક્ષણ કર્યું છે ? – રાદ II (Ra'ad II)

18. ભારતના દિલ્હી ખાતે આવેલા પ્રવાસી ભારતીય કેન્દ્રનું નામ બદલીને શું રાખવામાં આવ્યું છે ? – સુષ્મા સ્વરાજ ભવન

19. ભારતના દિલ્હી ખાતે આવેલા વિદેશ સેવા સંસ્થાનું નામ બદલીને શું રાખવામાં આવ્યું છે ? – સુષ્મા સ્વરાજ વિદેશ સેવા સંસ્થા

20. ઈન્સ્ટિટયૂટ ઓફ ડિફેન્સ સ્ટડીઝ એન્ડ એનાલિસિસ (IDSA)નું નામ બદલીને શું રાખવામાં આવ્યું છે ? – મનોહર પારિકર ઈન્સ્ટિટયૂટ ફોર ડિફેન્સ સ્ટડીઝ એન્ડ એનાલિસિસ (MAIDSA)

21. ભારતમાં નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ફિનાન્સિયલ મેનેજમેન્ટનું નામ બદલીને શું રાખવામાં આવ્યું છે ? – અરૂણ જેટલી નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ફિનાન્સિયલ મેનેજમેન્ટ

22. ભારત સરકાર દ્વારા ‘સોઈલ હેલ્થ કાર્ડ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 19 ફેબ્રુઆરી

23. ભારતીય પરમાણુ ઉર્જા આયોગના સંશોધકોએ ભારતમાં કઈ જગ્યાએ આશરે 14,100 ટનના લિથિયમના ભંડારની શોધ કરી છે ? – મંડ્યા, કર્ણાટક

24. 17 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારતમાં ‘પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના’ અંગેના ચોથા રાષ્ટ્રીય સંમેલનનું આયોજન ક્યાં થયું હતું ? – ઉદયપુર, રાજસ્થાન

25. 17 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારત અને કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થાએ ‘અટલ ભૂજળ યોજના’ માટે 450 મિલિયન ડોલરની ઋણ સમજૂતી માટે હસ્તાક્ષર કર્યા છે ? – વર્લ્ડ બેન્ક

26. 17થી 19 ફેબ્રુઆરી, 2020 દરમિયાન ભારતના કયા શહેરમાં ‘બાયો એશિયા 2020’ શિખર સંમેલનનું આયોજન થયું હતું ? – હૈદરાબાદ, તેલંગાણા

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

સૌથી વધુ ઉમેદવારોને સૌથી ઊંચી સફળતા
અપાવનાર સંસ્થા

2020

ICE®

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# A COACHING CLASS FOR GOVERNMENT JOB

## ગાંધીનગર

Gh-2, Sector-6, 2nd Floor,
Near Iscon Gathiya,
Gandhinagar-382006

CALL : 81406-01110 / 81407-01110

## રાજકોટ

HEAD OFFICE
SHREE SADGURU SHOPPING CENTRE,
2nd FLOOR, Nr. AKSHAR MANDIR, OPP. TIRUPATI
PETROL PUMP, KALAWAD ROAD, RAJKOT

MO. 93757-01110 / 93280-01110

## જૂનાગઢ

Perry Plaza Complex, 2nd Floor,
Near Alkapuri Society, Zanzarda
Road, Junagadh - 3620001

CALL : 76985-01110/76986-01110

## અમદાવાદ

127, Ratna Business Square, Old Natraj
Cinema, Opp. H.K. Collage, Ashram Road,
Ahmedabad - 380009

CALL : 8469501110/8469601110

## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | STI | PI | PSI/ASI |
| Dy. S.O. | Dy.MAM. | TALATI | CONSTABLE |
| IBPS | SBI | PO | CLERK |

Website iceonline.in
JOIN TELEGRAM t.me\icerajkotofficial
YouTube icerajkot
Facebook icerajkot
INSTAGRAM icerajkot